# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVIII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 SEPTEMBER | NO: 07


### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

### ગીતશાસ્ત્ર ૧૦૩: ૧ થી ૧૦

૧. હે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન; મારા ખરા અંતઃકરણ, તેના પવિત્ર નામને સ્તુત્ય માન.

૨. રે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન, તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા.

૩. તે તારાં સઘળાં પાપ માફ કરે છે; અને તારા સર્વ રોગ મટાડે છે.

૪. તે તારો જીવ નાશથી બચાવે છે; અને તને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે.

૫. તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે; જેથી ગરૂડની પેઠે તારી જુવાની તાજી કરાય છે.

૬. જેઓ જુલમથી હેરાન થયેલા છે તે સર્વને સારુ યહોવા ન્યાયનાં કૃત્ય તથા ચુકાદા કરે છે.

૭. તેણે પોતાના માર્ગ મૂસાને તથા પોતાનાં કૃત્યો ઈસ્રાએલના પુત્રોને જણાવ્યાં.

૮. યહોવા દયાળુ તથા કરુણાળું છે, તે કોપ કરવામાં ધીમો તથા કૃપા કરવામાં મોટો છે.

૯. તે સદા ધમકી આપ્યા કરશે નહિ; વળી તે સર્વકાળ કોપ રાખશે નહિ.

૧૦. તે આપણાં પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યો નથી આપણા અન્યાયના પ્રમાણમાં તેણે આપણને બદલો વાળ્યો નથી.

# યાદ રાખવા માટે યાદ રાખો!

**REMEMBER TO REMEMBER!**

બહેન જેસી વીણા સામ



"અને તેણે કેટલાએક પ્રેરિતો, કેટલાએક પ્રબોધકો, કેટલાએક સુવાર્તિક અને કેટલાએક પાળકો તથા ઉપદેશકો આપ્યા." - એફેસીઓને પત્ર ૪:૧૨.

**ઈકો ઓફ હીજ કોલના** દૂર દૂર સુધીના સઘળાં વિસ્તૃત પારિવારિક સભ્યોને આપણા તારનાર તથા પ્રભુ, ઈસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ!

આપણા માસિક સામયિક દ્વારા તમારી સાથે જોડાવું એ હંમેશા આનંદ અને લહાવો છે. જો આ સામયિક તમારા માટે આશીર્વાદરૂપ છે, તો કૃપા કરીને અમને લખવા માટે સંકોચ કરશો નહિ.

અમે તમારા મૂલ્યવાન સૂચનો અને પ્રતિસાદ માટે પણ આભારી રહીશું.

શિક્ષક દિવસની શુભેચ્છા!

જેમણે આપણને શીખવ્યું અને પ્રભાવિત કર્યા તેમને યાદ રાખવા!

આવનારી પેઢીના મનોને ઉજાગર કરવા માટે પોતાના જીવનો સમર્પિત કરનારા તમામ શિક્ષકોને શિક્ષક દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

**"અને તેણે કેટલાએક પ્રેરિતો, કેટલાએક પ્રબોધકો, કેટલાએક સુવાર્તિક અને કેટલાએક પાળકો તથા ઉપદેશકો આપ્યા."** - એફેસીઓને પત્ર ૪:૧૨.

(અનુસંધાન પાન ૩ પર)


**ઈકો ઓફ હીજ કોલ**



**ક્રિશ્ચિયન યૂટ્યુબ ચેનલ!**

દરરોજ બે મિનિટનો સંદેશો

**પાળક એસ. સામ સેલ્વ રાજ દ્વારા!**

અંગ્રેજી, હિન્દી ભાષામાં - સવારે ૧.૦૦ વાગે,
તામિલ અને તેલુગુ ભાષામાં - સવારે ૨.૦૦ વાગે

અને

**તામિલ અને અંગ્રેજી સંદેશો અને પ્રાર્થના**

રવિવારે સવારે ૮.૩૦ વાગે અને સાંજે ૬.૦૦ વાગે

કૃપા કરીને સબ્સ્ક્રાઈબ કરશો અને અન્યોની સાથે વહેંચશો

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## from your dearly beloved brother...





**"... હું તેઓના દેશને સાજો કરીશ." (૨ કાળવૃતાંત ૭:૧૪).**

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

આપણા પ્રભુ અને તારણહાર, ઈસુ ખ્રિસ્તના અજોડ નામમાં તમ દરેકને શુભેચ્છાઓ!

ઈશ્વરની ભરપૂર કૃપાથી, અમારી મિનિસ્ટ્રીએ ૧૦મી ઓગસ્ટે તેના ૫૮માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. અમે ૮મી, ૯મી અને ૧૦મી ઑગસ્ટના રોજ અમારા ચર્ચમાં આયોજિત વિશેષ આત્મિક સભાઓ પર પ્રભુના પુષ્કળ આશીર્વાદોને માટે તેમની સ્તુતિ કરીએ છીએ અને તેમનો આભાર માનીએ છીએ. અમે તમ દરેકના હૃદયપૂર્વક આભારી છીએ કે જેઓ વિશ્વાસુપણે અમારી સાથે ઉભા રહ્યા અને આ વર્ષો દરમિયાન આ મિનિસ્ટ્રીમાં ભાગીદારી કરી હતી. ઈશ્વર તમ દરેકને તમારા પ્રેમ, પ્રાર્થનાઓ અને અતૂટ સમર્થન માટે સમૃદ્ધપણે આશીર્વાદિત કરો.

૫મી જુલાઈના રોજ, સિસ્ટર જે. વિક્ટોરિયા, **નહેમ્યા બાઈબલ કોલેજના** સ્નાતક (થિયોલોજીમાં ડિપ્લોમા – Diploma in Theology) અને હવે ચેન્નાઈના એન્નોર વિસ્તારમાં પ્રભુની સેવા કરી રહ્યા છે, તેમણે તેમના પુત્ર જે. અનબુરાજને વિદ્યાર્થી તરીકે દાખલ કરવા કોલેજની મુલાકાત લીધી હતી.



આ મૂલ્યવાન પુનઃમિલને અમારા હૃદયોને કૃતજ્ઞતા, આનંદ અને નવા પ્રોત્સાહનથી ભરી દીધા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીને નિષ્ઠાપૂર્વક પ્રભુની સેવા કરતા જોવું અને હવે પછીની પેઢીને સેવા માટે પ્રશિક્ષિત કરવા લાવવું એ ઈશ્વરના વિશ્વાસપણાની અદ્ભુત સાક્ષી છે. નીચે બહેન વિક્ટોરિયાની સાક્ષીનો સારાંશ આપવામાં આવ્યો છે.

*ઈશ્વરની કૃપાથી, મને શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન, ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીઝ હેઠળ, નહેમ્યા બાઈબલ કોલેજમાં અભ્યાસ કરવાનો લહાવો મળ્યો હતો. પહેલા દિવસથી જ, હું શીખી હતી કે બાઈબલ એ ફક્ત અભ્યાસ કરવા માટેનું પુસ્તક નથી, પણ ઈશ્વરનું જીવંત વચન છે જેનું દરરોજ પાલન કરવું જોઈએ અને તે પ્રમાણે જીવવું જોઈએ. મને મળેલી તાલીમથી મને ઈશ્વરની ઈચ્છા પારખવામાં અને તેમના આજ્ઞાપાલનમાં વિશ્વાસુપણે ચાલવામાં મદદ મળી હતી.*

*ફેકલ્ટી દ્વારા આપવામાં આવેલ યોગ્ય બાઈબલના શિક્ષણ અને ઈશ્વરીય સિદ્ધાંતો મારા આત્મિક જીવનને માટે અને સેવાકાર્યને માટે મજબૂત પાયો બન્યા હતા. મારામાં સ્થાપિત મૂલ્યો – પ્રાર્થના, શિસ્ત, નમ્રતા, પ્રામાણિકતા, સમયની પાબંદી અને સેવાકાર્ય માટે સ્પષ્ટ દર્શન – આજે પણ પ્રભુની સેવામાં મને સામર્થ્યવાન કરે છે અને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખે છે.*

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF

Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

EX MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER

Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDIRM, MBA.

ADMINISTRATION

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD

Sis. Sajini Cherian
Rev. Dr. J. John Rajarathnam, B.E.S., B.D., M.Th.
Rev. Dr. K.R. Rajasekaran
Adv. N. Balaji, B.Com., M.L.

EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293
Cell : (+91) 98410 71852, 98412 71858

E.MAIL

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

YOUTUBE CHANNEL

Echo of His Call

*આ સંસ્થા મારફતે મારા જીવનનું ઘડતર કરવા બદલ હું હૃદયપૂર્વક ઈશ્વરનો આભાર માનું છું. હું ફેકલ્ટી સભ્યોનો અને વહીવટકર્તાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું કે જેમણે મારી તાલીમ દરમિયાન મને પ્રેમથી શીખવ્યું હતું, માર્ગદર્શન આપ્યું હતું, પ્રોત્સાહિત કરી હતી અને મારા માટે પ્રાર્થના કરી હતી. મારી નિષ્ઠાપૂર્વક પ્રાર્થના છે કે ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીઝ ઈશ્વરના રાજ્યને માટે ઘણા વધુ જુવાન પુરુષો અને સ્ત્રીઓને સજ્જ કરવાનું ચાલુ રાખશે, તેમને પૃથ્વી પરના મીઠું અને જગતના અજવાળા તરીકે ઊભા કરશે.*

*- બહેન વિક્ટોરિયા*

તમારા નિરંતર પ્રેમ, વિશ્વાસુ પ્રાર્થના અને ઉદાર સમર્થન માટે અમે અમારા સર્વ વાચકોનો અને **ઈકો ઓફ હીઝ કોલ** પરિવારના દરેક સભ્યનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તમારી ભાગીદારી અમને સુવાર્તાની ઘોષણા ચાલુ રાખવા અને વિશ્વાસીઓને ઈશ્વરની સેવા માટે સજ્જ કરવા સક્ષમ બનાવે છે.

આવો આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની ભરપૂર કૃપા, શાંતિ અને આશીર્વાદો તમ સર્વની સાથે રહો.

આમીન!

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*

**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**

E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

હું ખરેખર માનું છું કે માતાપિતાઓ એ પ્રથમ શિક્ષકો છે જે ઈશ્વરે આપણને આપ્યા છે. તેઓ જ આપણને જીવનના પ્રથમ પાઠ શીખવે છે અને આપણા પ્રથમ પગલાંઓને દોરવણી પૂરી પાડે છે.

ભારતમાં, ભારતના બીજા રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિની યાદમાં દર વર્ષે ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે, જેમણે શિક્ષકોની ઘણી જ કદર કરી હતી અને ભાવિ પેઢીઓના મનોને ઘડવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને ઓળખાણ આપી હતી.



હું વિચાર કરું છું કે આપણામાંથી કેટલાને હજુ પણ આપણા શાળાના શિક્ષકો, સન્ડે સ્કૂલના શિક્ષકો અને બાઈબલ કોલેજના પ્રાધ્યાપકો, વ્યાખ્યાતાઓ યાદ છે. સૌથી અગત્યનું, શું આપણે આપણા પ્રાથમિક શાળાના શિક્ષકોને યાદ કરીએ છીએ જેમણે આપણને પેન્સિલ કેવી રીતે પકડવી, આપણા પ્રથમ અક્ષરો કેવી રીતે લખવા અને આપણા પ્રથમ આંકડાઓ કેવી રીતે ગણવા તે શીખવ્યું હતું?

જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ આપણે ઘણી વાર એ સીડી ભૂલી જઈએ છીએ કે જેના દ્વારા આપણે આજે જ્યાં છીએ ત્યાં સુધી ચઢ્યા હતા.

મારી માતા, શ્રીમતી જેયાસીલી સેલ્વાન, ૩૨ વર્ષ સુધી પ્રાથમિક શાળાના શિક્ષકા હતી. તેણીએ અમારા વિસ્તારમાંના બાળકોની પેઢીઓને તમામ શૈક્ષણિક વિષયો શીખવ્યા હતા. તેણી અમારી સન્ડે સ્કૂલ શિક્ષકા પણ હતી જેણીએ અમને આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્ત સાથે પરિચય કરાવ્યો હતો.

તેણી કેવળ કેળવણીકાર ન હતી; તેણી એક સાધન હતું જેણીના દ્વારા ઘણા બધા બાળકો તેમના બિનસાંપ્રદાયિક શિક્ષણમાં અને આત્મિક જીવનોમાં, નાની ઉંમરે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે પરિચય ધરાવતા થયા હતા.

તેણી આપણા **ઈકો ઓફ હીઝ કોલ** મુખ્ય ચર્ચમાં પ્રથમ સન્ડે સ્કૂલ શિક્ષિકા પણ હતી, જેણીના દ્વારા અમારા ઘણા વર્તમાન ચર્ચના આગેવાનો અને મદદનીશ પાળકોનો ઉછેર થયો હતો અને તેઓ તૈયાર થયા હતા.

હું તેણીના જીવન માટે ઈશ્વરનો આભાર માનું છું અને કૃતજ્ઞતા સાથે આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્તમાંના તેણીના અતૂટ વિશ્વાસને યાદ કરું છું.

**યાદ રાખવા માટે યાદ રાખો!**

**બાઈબલ વારંવાર આપણને યાદ રાખવાનું શીખવે છે.**

**પ્રભુને યાદ કરો, જેમણે આપણા માટે મહાન કાર્યો કર્યા છે.**

વિસ્મૃતિ કે ભૂલી જવું એ હંમેશા યાદશક્તિની સરળ નિષ્ફળતા નથી. બાઈબલ તેને વધુ ગંભીર બાબત તરીકે રજૂ કરે છે. કૃતજ્ઞ રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે શાસ્ત્રમાં ઉલ્લેખિત સૌથી શાંત છતાં સૌથી જોખમકારક પાપોમાંનું એક પાપ ભૂલી જવાનું પાપ છે.

## ખાસ તાકીદની સૂચના!




ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં **ઈકો ઓફ હીઝ કોલ**ની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના **ઈકો ઓફ હીઝ કોલ** પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

આપણે ઘણી વાર પાપને કંઈક દેખીતી રીતે વિચારીએ છીએ - બળવો, ગુસ્સો, અપ્રમાણિકતા, અનૈતિકતા અથવા અભિમાન. પણ બાઈબલ આપણને હૃદયની વધુ સૂક્ષ્મ સ્થિતિ વિશે પણ ચેતવણી આપે છેઃ ઈશ્વરને ભૂલી જવું અને તેમની ભલાઈને ભૂલી જવી.

ઈશ્વરનું વચન આપણને ચેતવણી આપે છે અને યાદ કરાવે છે,

* પુનર્નિયમ ૬:૧૨: **"ત્યારે સાવધાન રહે, કે રખેને યહોવા પ્રભુ તમારા ઈશ્વરને તું ભૂલી જાય."**
* પુનર્નિયમ ૮:૨: **"આ ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં તમારા ઈશ્વર યહોવા પ્રભુએ આખે રસ્તે તમને કેવી રીતે ચલાવ્યા તે યાદ રાખો."**
* ગીતશાસ્ત્ર ૧૦૩:૨: **"રે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન, તેમના સર્વ ઉપકારો તું ભૂલી ન જા."**
* ૧ કાળવૃત્તાંત ૧૬:૧૨: **"જે અદ્દભૂત કામો તેમણે કર્યાં છે તે યાદ રાખો; તેમના ચમત્કાર તથા તેમના મુખનાં ન્યાયવચનો યાદ રાખો."**
* ગીતશાસ્ત્ર ૭૭:૧૧-૧૨: **"હું યહોવા પ્રભુનાં કૃત્યોનું સ્મરણ કરીશ; તમારા પુરાતન કાળના ચમત્કાર હું સંભારીશ. વળી હું તમારા સર્વ કામોનું મનન કરીશ, અને તમારાં કૃત્યો વિષે વિચાર કરીશ."**

બાઈબલમાં ભૂલી જવું એ ફક્ત યાદશક્તિની નિષ્ફળતા જ નથી; તે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની નિષ્ફળતા પણ હોઈ શકે છે.

તે ત્યારે થાય છે જ્યારે વ્યક્તિ આશીર્વાદનો આનંદ માણે છે પણ આશીર્વાદના સ્રોતની અવગણના કરે છે. તે ત્યારે થાય છે જ્યારે કોઈ વ્યક્તિ ભલાઈ પ્રાપ્ત કરે છે પણ તેના પ્રત્યે દર્શાવેલ ભલાઈની સ્વીકૃતિની કબૂલાત કરવામાં નિષ્ફળ જાય છે. તે તે છે જ્યારે લોકો આજે તેઓ જ્યાં છે તેની ઉજવણી કરે છે જ્યારે તેમને ત્યાં પહોંચવામાં મદદ કરનારાઓના બલિદાનો, પ્રાર્થનાઓ અને વફાદારીને ભૂલી જાય છે.

સમગ્ર બાઈબલમાં, આપણે એવા લોકોને જોઈ શકીએ છીએ જેઓ અન્યોની ભલાઈ દ્વારા આશીર્વાદિત થયા હતા, છતાં તે યાદ રાખવામાં નિષ્ફળ ગયા હતા. તેમની વાતો ફક્ત તેમની ટીકા કરવા માટે નોંધવામાં આવતી નથી; તે આપણા માટે ચેતવણી તરીકે પણ લખાયેલી છે.

પ્રશ્ન જે આપણે આપણી જાતને પૂછવો જોઈએઃ

શું આપણે ક્યારેય ઈશ્વરના આશીર્વાદોનો આનંદ માણ્યો છે જ્યારે ઈશ્વરે આપણને આશીર્વાદિત કરવામાં જે લોકોનો ઉપયોગ કર્યો હતો તેમને આપણે ભૂલી ગયા છે?

## ૧. ભુલાઈ ગયેલી ભલાઈ, કૃપાઃ યૂસફ તથા પાત્રવાહક! ઉત્પત્તિ ૪૦-૪૧!

યૂસફની મુસાફરી અસ્વીકાર અને નિરાશાથી ભરેલી હતી. તેના પોતાના ભાઈઓએ તેને દગો આપ્યો હતો, તેને ગુલામીમાં વેચી દીધો હતો અને તેને તેના કુટુંબના દિલાસાથી અલગ કરી દીધો હતો. તેમ છતાં, મિસરમાં પણ, ઈશ્વર યૂસફની સાથે રહ્યા હતા.

પોટીફારની પત્નીએ ખોટો આરોપ મૂક્યા પછી, યૂસફને કેદખાનામાં નાખી દેવામાં આવ્યો હતો. ત્યાં પણ, ઈશ્વરે તેના પર કૃપા કરી હતી અને સ્વપ્નોનું અર્થઘટન કરવાના તેના કૃપાદાનનો ઉપયોગ કર્યો હતો.

એક દિવસ, યૂસફની સાથે ફારુનના પાત્રવાહક અને ભઠિયારાને તુરંગમાં કેદ કરવામાં આવ્યા હતા. બંનેને ઉદાસ કરનારા, અસ્વસ્થ કરનારા સ્વપ્નો આવ્યાં હતાં, અને યૂસફે, ઈશ્વરે આપેલા જ્ઞાન દ્વારા, તેમનું અર્થઘટન કર્યું હતું. સ્વપ્નોના અર્થઘટન પ્રમાણે થયું હતું અને ફારુને પાત્રવાહકને મહેલમાં તેની પદવીએ પાછો રાખ્યો હતો.

જ્યારે પાત્રવાહક જવાની તૈયારીમાં હતો, ત્યારે યૂસફે એક સરળ વિનંતી કરી હતીઃ

**"પણ તારું ભલું થાય ત્યારે કૃપા કરીને મને સંભારજે ને મારા પર દયા રાખજે."** ઉત્પત્તિ ૪૦:૧૪.

યૂસફે કોઈ ઈનામ માંગ્યું ન હતું. તેણે ફક્ત તેને યાદ રાખવા કહ્યું હતું.

***પણ બાઈબલ એક પીડાદાયક વાસ્તવિકતા નોંધે છેઃ***

**"અને મુખ્ય પાત્રવાહકે યૂસફને સંભાર્યો નહિ, પણ તેને ભૂલી ગયો."** ઉત્પત્તિ ૪૦:૨૩.

પાત્રવાહક સગવડતામાં પાછો ફર્યો હતો જ્યારે યૂસફ કેદખાનામાં જ રહ્યો હતો. જે માણસને આશા પ્રાપ્ત થઈ હતી તે તે માણસને ભૂલી ગયો હતો કે જેના દ્વારા ઈશ્વરે તેને આશા આપી હતી.

કેટલીકવાર લોકો તેમના પર દર્શાવેલી ભલાઈને ભૂલી જાય છે કારણ કે તેઓ તેમના પોતાના જ આશીર્વાદોથી ભરાઈ જાય છે. પાત્રવાહક હવે કેદખાનામાં ન હતો, અને કદાચ તેના ભૂતકાળની પીડા ઝડપથી ઝાંખી થઈ ગઈ હતી. યૂસફની પીડા કરતાં તેની સ્વતંત્રતા તેના માટે વધુ મહત્વની બની ગઈ હતી.

પણ મનુષ્યની વિસ્મૃતિ ક્યારેય ઈશ્વરના વિશ્વાસુપણાને રદ કરતી નથી.

વધુ બે વર્ષ સુધી, યૂસફ માણસ દ્વારા ભૂલાઈ ગયો હતો, પણ ઈશ્વર તેને ક્યારેય ભૂલી ગયા નહોતા. આમીન!

નિયત સમયે, ઈશ્વરે એક દ્વાર ઉઘાડ્યું હતું જે કોઈ માણસ બંધ કરી શકતો નહોતો. યૂસફ એક જ દિવસમાં કેદખાનાથી મહેલમાં પહોંચી ગયો હતો.

વહાલા ભાઈઓ તથા બહેનો, આ કહાણી આપણને યાદ અપાવે છે કે લોકો આપણને યાદ કરે છે કે આપણે શું કર્યું છે તેને ઓળખે છે તેના આધારે આપણે આપણું મૂલ્ય આંકવું ન જોઈએ. આપણો બદલો માત્ર માનવીય ઓળખથી જ મળતો નથી. ઈશ્વર ભલાઈના દરેક કાર્યને, દરેક બલિદાનને અને વિશ્વાસુપણાની દરેક ક્ષણને જુએ છે.

***પ્રોત્સાહિત થાઓઃ***

**"ગુપ્તમાં જોનાર તારો બાપ (પોતે) તને ઉઘાડી રીતે બદલો આપશે."** - માથ્થી ૬:૬.

પણ આ કહાણી આપણને પડકાર પણ આપે છેઃ

* માર્ગમાં આપણને કોણે મદદ કરી છે જેને આપણે ભૂલી ગયા છીએ?
* જ્યારે આપણે સંઘર્ષ કરી રહ્યા હતા ત્યારે આપણા માટે કોણે પ્રાર્થના કરી હતી?
* જ્યારે આપણે હાર માની લેવા માંગતા હતા ત્યારે આપણને કોણે ઉત્તેજન આપ્યું હતું?

આવો આપણે ક્યારેય એવા લોકો ન બનીએ કે જેઓ પોતાના આશીર્વાદોને યાદ કરે છે પણ જેમણે આપણા બોજાઓને ઉંચકવામાં મદદ કરી હતી તેમને ભૂલી જઈએ.

## ૨. ભુલાઈ ગયેલા પિતાઃ યોઆશ તથા યહોયાદા! ૨ કાળવૃત્તાંત ૨૪!

યોઆશ રાજાની કહાણી એ ભૂલાઈ ગયેલા વિશ્વાસુપણાના સૌથી દુઃખદ ઉદાહરણોમાંનું એક છે.

(આગળ પાન ૬ પર...)

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (2તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ સુધી**

(મહેરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✞ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**સપ્ટેમ્બર ૧૯:** અમારા મિશન કાર્યકરોની ઉત્કૃષ્ટ પ્રતિબદ્ધતા અને વિશ્વાસુ સેવાને માટે.

**સપ્ટેમ્બર ૨૦:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો અને વિનંતી કરનારા ભાગીદારો પરની અને તેમના કુટુંબો પરની ઈશ્વરની દયાને માટે.

**સપ્ટેમ્બર ૨૧:** આપણા મુખ્ય ચર્ચમાં જોડાયેલા નવા વિશ્વાસીના આશીર્વાદને માટે.

**સપ્ટેમ્બર ૨૨:** ઈશ્વરના વચનના સામર્થ્યની રજૂઆત મુખ્ય ચર્ચ અને અમારી શાખા ચર્ચ બંનેમાં રવિવારની ભજનસેવા દરમિયાન થઈ હતી તે માટે.

**સપ્ટેમ્બર ૨૩:** આપણા સુવાર્તા છાપખાનાના અવિરત સંચાલન માટે અને તેના કાર્યક્ષમ કાર્યકરોની સમર્પિત સેવાને માટે.

**સપ્ટેમ્બર ૨૪:** આપણા **ઈકો ઓફ હીઝ કોલ યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રીના** બે-મિનિટના સંદેશાઓ દ્વારા જીવનો બદલનાર સાક્ષીઓને માટે.

**સપ્ટેમ્બર ૨૫:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને આપણા **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના તેમના આશીર્વાદોને માટે.

**સપ્ટેમ્બર ૨૬:** અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહ સંપાદકો સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ **ઈકો ઓફ હીઝ કોલ** સામયિક મિનિસ્ટ્રીને વિશ્વાસુપણે સહાયરૂપ થાય છે.

**સપ્ટેમ્બર ૨૭:** આપણા વડીલ પાળક અને તેમની વિવિધ મિનિસ્ટ્રીઓ દ્વારા સુવાર્તાની ઘોષણા કરવા માટે તેમની અતૂટ પ્રતિબદ્ધતાને માટે.

**સપ્ટેમ્બર ૨૮:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજને અને તેમના કુટુંબને દૈવી સલામતી, સારી તંદુરસ્તી અને સામર્થ્યથી આશીર્વાદિત કરવા માટે.

**સપ્ટેમ્બર ૨૯:** અમને **નહેમ્યા બાઈબલ કોલેજના** પદવીદાન સમારોહને ભવ્ય અને આશીર્વાદિત રીતે આયોજિત કરવામાં સક્ષમ કર્યા તે માટે.

**સપ્ટેમ્બર ૩૦:** અમારી મિનિસ્ટ્રીના વાહનોનું રક્ષણ કરવા અને અમારા ડ્રાઈવરોને સલામતી પૂરી પાડવા માટે.

**ઓક્ટોબર ૦૧:** અમે અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રી દ્વારા ચમત્કારો કરી શક્યા તે માટે.

**ઓક્ટોબર ૦૨:** આપણા મુખ્ય ચર્ચમાંની મહિલાઓની સંગતને આશીર્વાદિત કરવા માટે.

**ઓક્ટોબર ૦૩:** અમારી **જુવાનો તથા બાળકોની કાળજી કરનાર વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીજને** આશીર્વાદિત કરવા માટે.

## ✞ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**ઓક્ટોબર ૦૪:** આપણી **નહેમ્યા બાઈબલ કોલેજના** વિદ્યાર્થીઓના દૈવી રક્ષણને માટે.

**ઓક્ટોબર ૦૫:** સર્વ દેશો પરના ઈશ્વરના રક્ષણને માટે, ખાસ કરીને વૈશ્વિક અશાંતિ અને યુદ્ધના ભય વચ્ચે. સમગ્ર વિશ્વમાં શાંતિ, સ્થિરતા અને સંવાદિતા માટે પ્રાર્થના કરવા માટે.

**ઓક્ટોબર ૦૬:** વૈશ્વિક આર્થિક મંદીનો અંત આવે, જેથી જેઓ પીડિત છે તેમના માટે રાહત અને આશા લાવે.

**ઓક્ટોબર ૦૭:** ઈશ્વરની જોગવાઈ દ્વારા વિશ્વભરના લોકોની મૂળભૂત જરૂરિયાતો પૂરી થાય તે માટે.

**ઓક્ટોબર ૦૮:** આપણી મિનિસ્ટ્રીની નાણાંકીય જરૂરિયાતો ઈશ્વરની ભરપૂર સમૃદ્ધિ અનુસાર પૂરી થાય તે માટે.

**ઓક્ટોબર ૦૯:** શાસન અને વિકાસના દરેક પાસાઓમાં સર્વ દેશો વચ્ચે એકતા, શાંતિ, ડહાપણ અને પ્રગતિ થાય તે માટે.

**ઓક્ટોબર ૧૦:** અમારી સર્વ મિનિસ્ટ્રીઓની સતત વૃદ્ધિ અને વિસ્તરણ માટે, અમને સુવાર્તા સાથે ઘણા વધુ લોકો સુધી પહોંચવામાં સક્ષમ બનાવે તે માટે.

**ઓક્ટોબર ૧૧:** સર્વ દેશો માટે મજબૂત સરહદ સુરક્ષા અને ન્યાયી, અસરકારક શાસનને માટે.

**ઓક્ટોબર ૧૨:** શાળાના સર્વ બાળકો પર ઈશ્વરના દૈવી રક્ષણને માટે.

**ઓક્ટોબર ૧૩:** આપણા સહ સંપાદકો અને તેમના પરિવારના સભ્યોને માટે.

**ઓક્ટોબર ૧૪:** પૃથ્વી પર તેમના રાજ્યનું બાંધકામ કરવા માટે આપણે મહેનત કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણને વધુ દર્શન, ડહાપણ અને માર્ગદર્શન આપે તે માટે.

**ઓક્ટોબર ૧૫:** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજને અને તેમના કુટુંબને સર્વ દુષ્ટ પરિબળોની સામે દૈવી રક્ષણ, સારી તંદુરસ્તી અને સલામતીને માટે.

**ઓક્ટોબર ૧૬:** વિશ્વભરના કેદીઓના તારણને માટે.

**ઓક્ટોબર ૧૭:** આપણા દેશના જુવાન છોકરાંઓ અને છોકરીઓ ઈશ્વરની સાથે નજીકથી ચાલે અને તેમના વચન અનુસાર જીવે તે માટે.

**ઓક્ટોબર ૧૮:** ઈશ્વર વધુને વધુ પ્રાર્થના યોદ્ધાઓને ઉભા કરે જેઓ દરેક દેશમાં ધર્મ જાગૃતિ માટે વિશ્વાસુપણે મધ્યસ્થી કરે.

(પાન ૪ થી આગળ...)

યોઆશ યહૂદિયાનો રાજા થયો ત્યારે તે ફક્ત સાત વર્ષનો હતો. તેનું બચવું એક ચમત્કાર હતો. જ્યારે તેની દાદી અથાલ્યાએ શાહી પરિવારનો નાશ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે યોઆશને બચાવી લેવામાં આવ્યો અને તેને મંદિરમાં સંતાડી રાખવામાં આવ્યો હતો.

તેનું રક્ષણ કરનાર માણસ યહોયાદા યાજક હતો.

યહોયાદાએ યોઆશનો જીવ બચાવવા કરતાં વધુ કર્યું હતું. તેણે તેને માર્ગદર્શન આપ્યું હતું, તેને ઈશ્વરના માર્ગો શીખવ્યાં હતાં અને યહૂદિયામાં સાચી ઉપાસના પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી હતી. યહોયાદાની આગેવાનીમાં, યોઆશે યહોવા પ્રભુની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યું હતું.

ઘણા વર્ષો સુધી, યોઆશને ઈશ્વરના આ વિશ્વાસુ સેવકના જ્ઞાન તથા આત્મિક માર્ગદર્શનનો લાભ મળ્યો હતો. પણ યહોયાદાના મૃત્યુ પછી, બધું બદલાઈ ગયું હતું.

યોઆશે અધર્મી સલાહકારોની વાત સાંભળી હતી અને યહોવા પ્રભુથી દૂર થઈ ગયો હતો. યહોયાદાએ જે તેને ઈશ્વરને અનુસરવાનું શીખવ્યું હતું તેમને તેણે છોડી દીધા હતા.

*બાઈબલ કહે છે:*

**યોઆશ રાજાએ તેના પિતા યહોયાદાએ તેના પર જે કૃપા કરી હતી તે સંભારી નહોતી.** (૨ કાળવૃત્તાંત ૨૪:૨૨).

- જે માણસે તેનો જીવ બચાવ્યો હતો તેને ભૂલી જવામાં આવ્યો હતો.
- જે માર્ગદર્શકે તેને માર્ગદર્શન આપ્યું હતું તેને ભૂલી જવામાં આવ્યો હતો.
- જે આત્મિક પિતાએ તેનામાં રોકાણ કર્યું હતું તેને ભૂલી જવામાં આવ્યા હતા.

આ આપણ સર્વને માટે ચેતવણી છે.

ઘણા લોકો આજે જ્યાં છે ત્યાં ઊભા છે કારણ કે કોઈએ તેમનામાં રોકાણ કર્યું હતું.
એક માતાપિતા પ્રાર્થના કરી હતી.
એક પાળકે શીખવ્યું હતું.
એક મિત્રએ પ્રોત્સાહન આપ્યું હતું.
એક માર્ગદર્શકે બલિદાન આપ્યું હતું.

પણ સફળતા આત્મિક સ્મૃતિ ભ્રંશ ઉત્પન્ન કરી શકે છે. જ્યારે લોકો પ્રભાવની સ્થિતિમાં પહોંચે છે, ત્યારે તેઓ તેઓને ભૂલી શકે છે જેમણે તેમને ઉપર ઉઠાવવામાં મદદ કરી હતી.

આપણે ચોક્કસ યાદ રાખવું જોઈએ કે કોઈ પોતાની જાતે એકલું વધતું નથી.

એક કૃતજ્ઞ વિશ્વાસી એ લોકોનું સન્માન કરે છે જેનો ઈશ્વરે તેની કે તેણીની મુસાફરીમાં ઉપયોગ કર્યો હતો.

## ૩. ભૂલાઈ ગયેલું વિશ્વાસુપણું : નાબાલ તથા દાઉદ! ૧ શમુએલ ૨૫!

નાબાલ એક શ્રીમંત માણસ હતો જેની પાસે હજારો ઘેટાં અને બકરાં હતાં. તેની પાસે સમૃદ્ધિ, સંસાધનો અને સલામતી હતા.

પણ તેની સફળતા પાછળ એક અદ્રશ્ય આશીર્વાદ હતોઃ રક્ષણ.

દાઉદ તથા તેના માણસો અરણ્યમાં હતા તે સમય દરમિયાન, તેઓએ નાબાલના ઘેટાંપાળકો અને ટોળાંઓનું રક્ષણ કર્યું હતું. તેઓ તેની સંપત્તિની આસપાસ સલામતીના કોટરૂપ જેવા હતા. તેઓએ નાબાલનો લાભ લીધો ન હતો કે તેની પાસેથી કંઈ પણ ચોરી લીધું નહોતું.

જ્યારે ઘેટાં કાતરવાનો ખુશાલીનો સમય આવ્યો ત્યારે, દાઉદે પોતાના જુવાનોને તેની પાસે વિનંતી સાથે મોકલ્યાં હતાં કે તે તેઓને કંઈક ખાદ્યસામગ્રીઓ આપે.

આભાર વ્યક્ત કરવાને બદલે, નાબાલે ઘમંડ સાથે જવાબ આપ્યો હતો. તેણે દાઉદની ઓળખ પર સવાલ ઉઠાવ્યાં હતાં અને દાઉદ તથા તેના માણસોએ જે સેવા આપી હતી તેને નકારી કાઢી હતી.

નાબાલે રક્ષણનો આનંદ માણ્યો હતો પણ તે રક્ષકને ભૂલી ગયો હતો.

તેને દાઉદના વિશ્વાસુપણાનો લાભ પ્રાપ્ત થયો હતો પણ તેણે તેને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. આ એક સામાન્ય માનવીય વૃત્તિ છે. આપણે અવારનવાર જોઈએ છીએ છે કે લોકો એ કરવામાં નિષ્ફળ જાય છે જ્યારે તેઓ પહેલાથી જે કરી ચૂક્યા છે તેની અવગણના કરે છે. આપણે કોઈની ભલાઈથી પરિચિત થઈએ છીએ અને તેની અપેક્ષા રાખવાનું શરૂ કરીએ છીએ. જે એક વખત આપણને આશ્ચર્યચકિત કરે છે તે પછી સામાન્ય બની જાય છે.

પરિવારજનો આનો અનુભવ કરી શકે છે.
મંડળીઓ આનો અનુભવ કરી શકે છે.
મિત્રતાઓ આનો અનુભવ કરી શકે છે.

- એક પતિ તેની પત્નીના બલિદાનને ભૂલી જઈ શકે છે, અને પત્ની તેણીના પતિના બલિદાનને ભૂલી જઈ શકે છે.
- બાળકો તેમના માતાપિતાઓના બલિદાનોને ભૂલી જઈ શકે છે.
- વિશ્વાસીઓ તેમની સાથે ઉભા રહેલા લોકોની પ્રાર્થનાઓ અને પ્રોત્સાહનને ભૂલી જઈ શકે છે.

કૃતજ્ઞતા માટે ઈરાદાપૂર્વક યાદ રાખવાની જરૂર છે.

આવો આપણે જે છીએ તે બનવામાં અને આજે આપણે જ્યાં છીએ ત્યાં સુધી પહોંચવામાં આપણને મદદ કરનારને યાદ કરવામાં ઈશ્વર આપણને સહાય કરો.

નહેમ્યા બાઈબલ કોલેજો
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (અર્ધ સમય માટે)
લાયકાત:
૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૭ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

### ૪. ભૂલાઈ ગયેલી સ્વતંત્રતા: ગિદિયોન તથા ઈસ્રાએલ! ન્યાયાધીશો ૮!

ગિદિયોનની કહાણી ડર સાથે શરૂ થાય છે. જ્યારે ઈશ્વરે તેને બોલાવ્યો ત્યારે તે સંતાઈ ગયો હતો. તેણે પોતાની જાતને નબળી અને તુચ્છ, બીન મહત્વની તરીકે જોઈ હતી, પણ ઈશ્વરે તેને એક પરાક્રમી શૂરવીર યોદ્ધા તરીકે જોયો હતો.

**''જ્યારે યહોવા પ્રભુના દૂતે ગિદિયોનને દર્શન દીધું, ત્યારે તેણે કહ્યું, ''પરાક્રમી શૂરવીર, યહોવા પ્રભુ તારી સાથે છે''.** - ન્યાયાધીશો ૬:૧૨

ગિદિયોનના આજ્ઞાપાલન દ્વારા, ઈશ્વરે ઈસ્રાએલીઓને મિદ્યાનીઓથી બચાવ્યા હતા. માત્ર ૩૦૦ માણસો સાથે, ગિદિયોને બાઈબલમાં નોંધાયેલી સૌથી મોટી જીતનો અનુભવ કર્યો હતો.

દેશે શાંતિનો આનંદ માણ્યો હતો કારણ કે ઈશ્વરે ગિદિયોન દ્વારા કાર્ય કર્યું હતું.

પણ ગિદિયોનના મરણ પછી, ઈસ્રાએલીઓ ઝડપથી ભૂલી ગયા હતા.

*બાઈબલ કહે છે:*

**ઈસ્રાએલપુત્રોએ તેમના ઈશ્વર યહોવા પ્રભુને સંભાર્યા નહિ, જેમણે તેમને તેમના ચોતરફ સર્વ શત્રુઓના હાથમાંથી બચાવ્યા હતા.** - ન્યાયાધીશો ૮:૩૪.

તેઓ ગિદિયોનના કુટુંબ પ્રત્યે ભલમનસાઈ રાખવામાં પણ નિષ્ફળ ગયા હતા.

લોકોએ વિજયને યાદ રાખ્યો હતો પણ ઈશ્વરે ગિદિયોન દ્વારા તેમને જે છુટકારો આપ્યો હતો તે ભૂલી ગયા હતા.

આ આપણ સર્વને માટે જોખમકારક છે.

આપણે મુસાફરીને ભૂલી જઈએ છીએ અને પરિણામની ઉજવણી કરી શકીએ છીએ. જવાબ આપનારને ભૂલી જઈને આપણે જવાબ આપેલી પ્રાર્થનાનો આનંદ માણી શકીએ છીએ.

ઈસ્રાએલીઓની સૌથી મોટી સમસ્યા એ ન હતી કે તેઓને મળેલા આશીર્વાદોનો અભાવ હતો. તેમની સમસ્યા એ હતી કે તેઓ એ આશીર્વાદોના સ્રોતને ભૂલી ગયા હતા.

દરેક આશીર્વાદ આપણને ઈશ્વરની નજીક લઈ જવા જોઈએ, તેમનાથી દૂર નહિ.

કમનસીબે, આ વર્તમાન વિશ્વના મોટા પડકારોમાંનો એક પડકાર છે. આપણે ઈશ્વર પાસે આશીર્વાદ માગીએ છીએ, પણ કેટલીકવાર આપણને મળેલા એ જ આશીર્વાદો આપણને તેમની નજીક લાવવાને બદલે તેમનાથી દૂર લઈ જાય છે.

### ૫. ભૂલાઈ ગયેલા સાજાપણું આપનાર: દશ રક્તપિત્તીઆ અને આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્ત! લૂક ૧૭!

દસ રક્તપિત્તીઆની કહાણી કદાચ ભૂલી જવાના સૌથી શક્તિશાળી ચિત્રોમાંથી એક તરીકે જોવા મળે છે.

રક્તપિત્ત એક ભયંકર રોગ હતો. જેઓ તેનાથી પીડિત હતા તેઓને સમાજથી અલગ કરી દેવામાં આવતા હતા, તેઓ સામાન્ય જીવનો જીવવામાં અસમર્થ હતા, અને ઘણી વાર તેમને બહિષ્કૃત ગણવામાં આવતા હતા.

***દશ રક્તપિત્તીઆઓએ ઈસુને જોયા ત્યારે તેઓએ ઘાંટો પાડીને કહ્યું:***

**''હે સ્વામી, અમારા પર દયા કરો!''** - લૂક ૧૭:૧૩.

ઈસુ ખ્રિસ્તે દયા બતાવી હતી અને તેઓ સર્વને સાજા કર્યા હતા.

* દશ જીવનો બદલાણ પામ્યા હતા.
* દશ લોકોને બીજી તક મળી હતી.
* દશ લોકોએ ઈશ્વરના સામર્થ્યનો અનુભવ કર્યો હતો.
* પણ ફક્ત એક જ પાછો ફર્યો હતો.

*ઈસુ ખ્રિસ્તે પૂછ્યું:*

**''શું દશે જણને શુદ્ધ કરવામાં આવ્યા નહોતા? બીજા નવ ક્યાં છે?''** - લૂક ૧૭:૧૭.

નવ જણાએ ચમત્કાર પ્રાપ્ત કર્યો હતો પણ ચમત્કાર કરનારને ભૂલી ગયા હતા.

તેઓને સાજાપણું મળ્યું હતું પણ આભાર માનવા માટે અને ભજન કરવા સાથે પાછા ફરવામાં તેઓ નિષ્ફળ ગયા હતા. તેમનું સૌથી મોટું નુકસાન શારીરિક ન હતું - તે આત્મિક હતું. તેઓએ ઈસુ ખ્રિસ્તે જે કર્યું હતું તેને ઓળખવાની અને તેમનો આદર કરવાની તક ગુમાવી દીધી હતી.

કેટલી વાર આપણે એ જ કરીએ છીએ?

જ્યારે આપણને મદદની જરૂર હોય ત્યારે આપણે પોકાર કરીએ છીએ. જ્યારે આપણે મુશ્કેલીઓનો સામનો કરીએ છીએ ત્યારે આપણે ઈશ્વરને શોધીએ છીએ. આપણે જોગવાઈ માટે, સાજાપણા માટે, દોરવણી માટે અને સફળતા માટે પ્રાર્થના કરીએ છીએ.

પણ જ્યારે જવાબ આવે છે, ત્યારે શું આપણે આભાર માનવા માટે પાછા ફરીએ છીએ?

ઈશ્વરને આપણા કૃતજ્ઞતાની જરૂર નથી; પણ આપણને કૃતજ્ઞતાની જરૂર છે, કારણ કે તે આપણા હૃદયોને તેમની સાથે જોડાયેલા રાખે છે અને આપણને દરેક આશીર્વાદના સ્રોતની યાદ અપાવે છે.

(...પાન ૯ પર આગળ...)

**ઈકો ઓફ હીજ કોલ**
**માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક**

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

### કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

# આપણી સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલનો ઈતિહાસ!

**"તેણે વેર્યું છે, તેણે દરિદ્રીઓને આપ્યું છે; તેનું ન્યાયીપણું સર્વકાળ ટકે છે; હવે જે વાવનારને સારુ બી તથા ખોરાકને સારુ રોટલી પૂરાં પાડે છે, તે તમારું વાવવાનું બીજ પૂરું પાડશે અને વધારશે અને તમારા ન્યાયીપણાનાં ફળની વૃદ્ધિ કરશે."** - ૨ કરિંથીઓને પત્ર ૯:૯, ૧૦.

લગભગ અઠાવીસ વર્ષ પહેલાં, મેં ઘણા ગરીબ બાળકોને ગામડામાં ધ્યેય વિના ભટકતા જોયા હતા જ્યાં હવે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** ઊભી છે. આમાંના મોટાભાગના બાળકો અત્યંત ગરીબીને કારણે શાળામાં જઈ શકતા ન હતા.

તે સમયગાળા દરમિયાન, અમે બાઈબલકોર – ટૂંકા ગાળાના બાઈબલ પત્રવ્યવહાર પ્રમાણપત્ર અભ્યાસક્રમ, જૂથ બાઈબલ અભ્યાસો, અમારા બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ, ન્યૂ લાઈફ ફોર યુ પાઠનો ઉપયોગ કરીને અંગ્રેજી અને તમિલ બંનેમાં હાથ ધર્યા હતા.

દરેક જૂથમાં લગભગ ૧૦૦ વંચિત બાળકોનો સમાવેશ થતો હતો, અને અલગ અલગ સ્થળોએ આવા ઘણા જૂથો હતા. તેઓની હાજરીને પ્રોત્સાહિત કરવા, અમે તેમને નાસ્તો આપતા હતા. ધીમે ધીમે, બાળકો સરળ અંગ્રેજી શબ્દો બોલતા અને ખ્રિસ્તી ગીતો ગાતા



શીખવા લાગ્યા હતા. જ્યારે તેઓ ઘરે આ ગીતો ગાતા હતા, ત્યારે તેઓ તેમના માતાપિતાઓને માટે ઘણો આનંદ લાવ્યા હતા.

એ વખતે પ્રભુએ મારા મન પર અંગ્રેજી ભાષાની શાળા સ્થાપવા માટે ભાર મૂક્યો હતો – આ ગરીબ બાળકો માટે તે ગામમાં માધ્યમિક શાળા સ્થાપવા માટે.

***"કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે તો ઈશ્વર છે."*** - ફિલિપ્પીઓને પત્ર ૨:૧૩.

પ્રભુએ મારા એક પ્રિય મિત્ર શ્રી સેમ ડેનિયલ દ્વારા આ દર્શનની પુષ્ટિ કરી હતી અને આ રીતે **સેન્ટ પોલની મેટ્રિક્યુલેશન સ્કૂલની** સ્થાપના થઈ હતી.

શરૂઆતના વર્ષો ઘણા પડકારોથી ભરેલા હતા. મારે લગભગ એકલા હાથે જ મોટી નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ઘણા વાલીઓએ ઉત્સુકતાપૂર્વક તેમના બાળકોને અમારી શાળામાં દાખલ કર્યા હોવા છતાં, શિક્ષકોના માસિક પગારને પહોંચી વળવા માટે સતત સંઘર્ષ કરવો પડ્યો હતો.

જો કે, જ્યારે પણ હું તે ગરીબ બાળકોના હસતા ચહેરા જોતો કે જ્યારે તેઓ મને અંગ્રેજી ભાષામાં શુભેચ્છા પાઠવતા અને આનંદથી અંગ્રેજી ભાષામાં ગીતો ગાતા, ત્યારે મને દરેક મુશ્કેલીઓ છતાં સેવા ચાલુ રાખવા નવું સામર્થ્ય અને નિર્ધાર મળ્યો હતો.

મારી પત્ની અને મેં અમારા વ્યક્તિગત ખર્ચને શક્ય તેટલો ઓછો કર્યો હતો જેથી અમે અમારા શૈક્ષણિક સહાય કાર્યક્રમ દ્વારા જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણને પુરસ્કૃત કરી શકીએ.

જ્યારે બે ઉદાર ભાઈઓએ શાળાના મકાનના બાંધકામમાં મદદ કરી હતી, ત્યારે શાળાના રોજબરોજના સંચાલનમાં કોઈ મદદ કરવા આગળ આવ્યું ન હતું. પરિણામે, ઘણા પ્રસંગોએ, શિક્ષકો અને કર્મચારીઓના પગાર ચૂકવવા માટે અમે અમારી અંગત ચીજવસ્તુઓ અને અમારા ઘરેણાં પણ વેચવા માટે મજબૂર બન્યા હતા.





થોડા વર્ષો પહેલા, મને એક મિત્ર કે જેઓ હોસ્પિટલમાં દાખલ હતા, તેમને મળવા જવાનો મોકો મળ્યો હતો. જો કે, હું નિયુક્ત મુલાકાતના કલાકો પછી પહોંચ્યો હતો, તેથી હું અચકાતો અચકાતો હોસ્પિટલમાં અંદર જતો હતો.

જ્યારે હું કોરિડોરમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મુખ્ય ડોક્ટર સહિત કેટલાક ડોક્ટરો વિરુદ્ધ દિશામાંથી આગળ વધતા નજીક આવી રહ્યા હતા. તે જાણ્યા વિના, મેં મારી જાતને અતિ દક્ષ વિભાગની (ICU) નજીક તેમના માર્ગમાં સીધો જ ઊભો રહેલો જોયો. શરમ અનુભવતા અને તે જગ્યાએથી બાજુ પર થતા, હું ઝડપથી એક ખૂણામાં જઈને ઊભો રહ્યો અને કહ્યું, "મને માફ કરજો".

મારા મોટા આશ્ચર્ય વચ્ચે, એક ડોક્ટર મારી તરફ ઉતાવળમાં આવ્યા, મારી આગળ ઘૂંટણિયે પડ્યા, મારા પગ પકડ્યા અને રડવા લાગ્યા.

તેમણે કહ્યું,

"સર, હું એક અભણ અને ગરીબ પરિવારમાંથી આવું છું. મેં મારા અભ્યાસમાં ખૂબ સંઘર્ષ કર્યો હતો. છતાં તમે મને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** દાખલ કરાવ્યો હતો.

તમે મને મફત શિક્ષણ, ગણવેશો, ભોજન અને મને જોઈતી દરેક સહાયતા પૂરી પાડી હતી.

મેં શાળાની કોઈ ફી ચૂકવી નથી, પણ તમારી ભલાઈને કારણે હું મારું

શાળાકીય શિક્ષણ પૂરું કરી શક્યો છું. પાછળથી, મેં તબીબી અભ્યાસ કર્યો અને આજે, ઈશ્વરની કૃપાથી, હું એક તબીબી ડોક્ટર છું. મારા




શાળાના દિવસોમાં મને મળેલો આત્મિક પાયો મારા જીવનને માર્ગદર્શન આપતો રહ્યો છે, અને હવે હું મારા સાથી ડોક્ટરો સાથે સુવાર્તા વહેંચું છું''.

ત્યાં ઉપસ્થિત સૌ ઘણા જ અભિભૂત થઈ ગયા હતા. તે જુવાનના જીવનમાં ઈશ્વરે જે અદ્દભુત કાર્ય કર્યું હતું તે જોઈને અમે આશ્ચર્યચકિત થઈને ઊભા રહી ગયા હતા. ડોક્ટરોએ મારી સાથે ખૂબ આદરપૂર્વક વ્યવહાર કર્યો હતો, પણ સર્વ મહિમા એકલા ઈશ્વરનો જ હતો.

ત્યાં અમારી શાળામાં આના જેવી બીજી ઘણી સાક્ષીઓ છે. સર્વશક્તિમાન પ્રભુમાંના અતૂટ વિશ્વાસને કારણે જ અમે આ મિનિસ્ટ્રીમાં સેવાકાર્ય ચાલુ રાખી શક્યા છીએ.

આજે, **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વિસ્તારની તમામ શાળાઓમાંથી, અમારી શાળાને શ્રેષ્ઠ શાળાનો પુરસ્કાર મેળવવા માટે પસંદ કરવામાં આવી હતી, જે પૂર્વ શિક્ષણ મંત્રી દ્વારા ૨૪મી ડિસેમ્બર ૨૦૦૮ના રોજ પૂર્વ ખાદ્ય મંત્રીની હાજરીમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

અમારી પ્રાર્થના છે કે ઈશ્વર આ મિનિસ્ટ્રી દ્વારા ઘણા વધુ જીવનોમાં બદલાણ કરવાનું ચાલુ રાખે, બાળકોને ગરીબી અને નિરાશાના ઊંડાણમાંથી આશા, ઉદ્દેશ અને આશીર્વાદના જીવનોમાં લઈ જાય.

**''કેમ કે હું ભૂખ્યો હતો, ત્યારે તમે મને ખવડાવ્યું; હું તરસ્યો હતો, ત્યારે તમે મને પાણી પાયું; હું પારકો હતો, ત્યારે મને પરોણો રાખ્યો....''**

ત્યારે **ન્યાયીઓ તેમને ઉત્તર દેશે કે, ''પ્રભુ, ક્યારે અમે તમને ભૂખ્યા દેખીને ખવડાવ્યું, અથવા તરસ્યા દેખીને પાણી પાયું? અને ક્યારે અમે તમને પારકા દેખીને પરોણો રાખ્યા, અથવા નાગા દેખીને વસ્ત્ર પહેરાવ્યાં?...''**

**ત્યારે રાજા તેઓને ઉત્તર દેશે કે, ''હું તમને ખચીત કહું છું કે, આ મારા ભાઈઓમાંના બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું.''** - માથ્થી ૨૫:૩૫-૪૦.

*******

(પાન ૭ થી આગળ...)

## એક હૃદય જે યાદ રાખે છે!

બાઈબલ વારંવાર ઈશ્વરના લોકોને યાદ રાખવા માટે કહે છે:

* તેમના વિશ્વાસુપણાને યાદ રાખો.
* તેમના વચનની ખાતરીઓને યાદ રાખો.
* તેમની ભલાઈને યાદ રાખો.
* તેમણે આપણા જીવનોમાં જેઓને મૂક્યા છે તેઓને યાદ રાખો.
* સૌથી ઉપર, પ્રભુને યાદ રાખો જેમણે આપણને આશીર્વાદિત કર્યા છે અને આપણને નિભાવી રાખ્યા છે.

વિસ્મૃતિ અભિમાન તરફ દોરી લઈ જાય છે; યાદ રાખવું આરાધના તરફ દોરી લઈ જાય છે.

પાત્રવાહક પુસ્તકની ભલાઈને ભૂલી ગયો હતો.

યોઆશ યહોયાદાનું માર્ગદર્શન ભૂલી ગયો હતો.

નાબાલ દાઉદનું રક્ષણ ભૂલી ગયો હતો.

ઈસ્રાએલ ગિદિયોનના છુટકારાને ભૂલી ગયા હતા.

નવ રક્તપિત્તીઓ ઈસુ ખ્રિસ્તની દયાને ભૂલી ગયા હતા.

આવો આપણે તેમની ભૂલોમાંથી શીખીએ.

આવો આપણે યાદ રાખનારા લોકો બનીએ.

તમારા માટે બલિદાન આપનાર માતાપિતાને યાદ રાખો.

તમને પ્રોત્સાહિત કરનાર શિક્ષકને યાદ રાખો.

તમારી પડખે ઊભા રહેનાર મિત્રને યાદ રાખો.

ઈશ્વરના સેવકને યાદ રાખો જેણે તમારા માટે પ્રાર્થના કરી હતી.

અને સૌથી ઉપર, આપણા પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્તને યાદ રાખો - એક જેમણે જ્યારે આપણે પાપી હતા ત્યારે આપણા માટે પોતાનો જીવ આપ્યો હતો; એક જેમણે આપણને બિનશરતી પ્રેમ કર્યો હતો; એક જેઓ તમારા અને મારા માટે મૃત્યુ પામ્યા અને ફરીથી સજીવન થયા; અને એક જેઓ આપણને તેમની સાથે સદાકાળને માટે જીવવા લઈ જવા ફરી આવી રહ્યા છે.

સૌથી મોટું જોખમ ફક્ત લોકોને ભૂલી જવું એ નથી.

સૌથી મોટું જોખમ ઈશ્વરને ભૂલી જવું એ છે.

આવો આપણા જીવનો હમેશાં આભારી હૃદયો દ્વારા ચિહ્નિત થાય જે દરેક સારી ભેટ અને દરેક વિશ્વાસુ હાથને ઓળખે જેનો ઈશ્વરે આપણા માટે ઉપયોગ કર્યો છે.

આવો આપણે જેમના તરફથી દરેક આશીર્વાદ વહે છે તેમને ક્યારેય ભૂલી ન જઈએ.

**''રે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન, તેમના સર્વ ઉપકારો તું ભૂલી ન જા.''** - ગીતશાસ્ત્ર ૧૦૩:૨.

*****************

### નોટિસ

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

## OUR QR CODE:

ECHO OF HIS CALL

Scan to pay with any UPI app

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th SEPTEMBER 2026
If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**